Publication. Divya Bhaskar
Date: 15/2/2019
Page: 3
Column: 4-5

દિવ્ય ભાસ્કર, મુંબઈ, શુક્રવાર, 15 ફેબ્રુઆરી, 2019

# કેશલેસ પેમેન્ટ માટે 'ઈલેક્ટ્રિક સ્માઈલ્સ'ની જાહેરાત કરાઈ

## વીજ ગ્રાહકોને પ્રોત્સાહન આપવા પ્રયાસ

ભાસ્કર ન્યૂઝ | મુંબઈ 3/4-5

કેશલેસ પેમેન્ટ માટે વીજ ગ્રાહકોને પ્રોત્સાહન આપવા માટે અદાણી ઈલેક્ટ્રિસિટીએ 'ઈલેક્ટ્રિક સ્માઈલ્સ'ની જાહેરાત કરી છે. આના ભાગરૂપે ગ્રાહકો ચેક, વેબસાઈટ, મોબાઈલ એપ અને અન્ય ઓનલાઈન પેમેન્ટ પ્લેટફોર્મ્સ મારફતે ચુકવણી કરશે તેમને વિશેષ ડીલ્સ અને આકર્ષક ડિસ્કાઉન્ટ્સનો લાભ અપાશે. ઈલેક્ટ્રિક સ્માઈલ્સના દરેક યુનિટ એક રૂપિયાની સમકક્ષ રહેશે, જે ગ્રાહકો ચેકથી પેમેન્ટ કરશે તેઓ દર 100 રૂપિયાની ચુકવણી સામે 2 ઈલેક્ટ્રિક સ્માઈલ્સ મેળવવા હકદાર બનશે, જ્યારે જે લોકો ઓનલાઈન પેમેન્ટ્સનો ઉપયોગ કરશે તેઓ ચૂકવવામાં આવેલા દર 100 રૂપિયા સામે 3 ઈલેક્ટ્રિક સ્માઈલ્સ મેળવશે. ઉપરાંત અદાણી ઈલેક્ટ્રિસિટી પ્રોમ્પ્ટ પેમેન્ટ પ્રોત્સાહન તરીકે ખાસ ઓફર આપી રહી છે, જેમાં જે ગ્રાહકો બિલ જનરેશનના 7 દિવસમાં ઓનલાઈન પેમેન્ટ કરશે તેમને ચૂકવવામાં આવેલા દર 100 રૂપિયા સામે 4 ઈલેક્ટ્રિક સ્માઈલ્સ મળશે. ઈલેક્ટ્રિક સ્માઈલ્સને એક્સક્લુઝિવ ઓફર્સ મારફતે અને ફૂડ અને બેવરેજીસ, હોમ ફર્નિશિંગ, એપરેલ, હેલ્થ એન્ડ વેલનેસ અને અન્ય આવી ખરીદી પરના પરના ડિસ્કાઉન્ટ સામે રિડીમ કરી શકાશે.